BAOU Education for All

॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# મોહન પરમારની 'થળી' અને 'કુંભી' વાર્તામાં દલિત ચેતના

## રીમા રાજેશભાઈ ભાવસાર

**સારાંશ**

દલિત ચેતનામાં પીડિત અને દબાયેલું વ્યક્તિત્વ ધરાવતા પાત્રોને લઈને મોહન પરમાર વાર્તાની રચના કરે છે. દલિત સમાજના પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય મોહન પરમારે કર્યું છે. મોહન પરમારની ‘કોલાહલ’,‘નકલંક’,‘કુંભી’,’અંચળો’ વગેરે વાર્તાસંગ્રહમાં દલિતચેતના દર્શાવવામાં આવી છે. થળી વાર્તામાં દલિત પરણેતર રેવીનું થતું જાતીય શોષણ જોવા મળે છે. આ શોષણ સામે પણ રેવીને લડતી બતાવવામાં આવી છે. આધુનિક સમયની નારીનું ચિત્ર ઉપસી આવ્યું છે.‘થળી’ વાર્તામાં માનસિંહનું સ્વાર્થી, દંભી, નીરસ વ્યક્તિત્વ ઉપસાવવામાં આવ્યું છે. આજના સમાજના માનસિંહનું ચિત્ર આપવાની કોશિશ થયેલી છે. વાર્તામાં પરિવેશ, પરિસ્થિતિ અને પાત્રને પ્રસંગોચિત ઉત્તર ગુજરાતની તળ બોલીમાં રચના કરી આપી છે. રેવીને અહિ મક્કમ અને સમાજની આબરૂ રાખનાર બતાવી  છે.‘ કુંભી ’વાર્તામાં નવી વહુના આગમન સાથે જૂની વહુના ચિત્તમાં ચાલતા ઊથલપાથલને બતાવવામાં આવ્યા છે. મનુષ્યને સ્થિર ઊભા રહેવા માટે પણ કોઈ આધારની જરૂર પડે છે. તે જ રીતે મોહન પરમારની વાર્તામાં પણ તેમના પાત્રોને ટેકો આપવા માટે પરિસ્થિતિ અને સમયને આધારે સાહસ દર્શાવતા પાત્રો પણ આપવામાં આવ્યા છે. વાર્તાના પાત્રો દલિત, પીડિત અને દરિદ્ર હોવા છતાં તે લાચાર કે દયા હીન નથી પરંતુ તેમનામાં આત્મ- સન્માનની ભાવના દેખાડવામાં આવી છે.

**કી વર્ડ** - શોષિત, દલિત, આત્મસન્માન, મનોબળ, અસ્તિત્વ, મનોદશા

દલિત શબ્દની વ્યુત્પતિ સંસ્કૃત ધાતુ 'दल' માંથી થઈ છે.'દલિત' શબ્દનો અર્થ આજે આપણને નવો લાગે પરંતુ એનો અર્થ સંકેત ધણો પ્રાચીન છે. વૈદિકકાળ થી વપરાતા આ શબ્દના શૂદ્ર, અસ્પૃશ્ય વગેરે જેવા પર્યાયો છે. જયારે ગુજરાતીમાં દલિતનો અર્થ દબાયેલું, કચડાયેલું, પીડિત એવો થાય છે. સાહિત્યએ માનવને કેન્દ્રમાં રાખીને સતત વિકસતી રહેલી અભિવ્યક્તિની કલા છે, તેમાં દલિત સાહિત્ય એ જ્વાળામુખીની ટોચ ઉપર જીવતા શોષિત અને પીડિત સમાજનાં આંતરિક સંચલનોને વાચા આપતું સાહિત્ય છે. જે સાહિત્યમાં દલિતોની મન:સ્થિતિનું પ્રગટીકરણ થતું હોય, દલિતોનાં સંવેદનો અભિવ્યક્તિ થતાં હોય અને દલિત સમાજના પ્રાણપ્રશ્નોને વાચા આપવામાં આવી હોય. એવી ભાષાભિવ્યક્તિવાળા સાહિત્યને 'દલિત સાહિત્ય' તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાતી દલિત સાહિત્યનો આરંભ કવિતાથી થયો પરંતુ સત્વશીલ સર્જન તો ટૂંકી વાર્તામાં થયું છે. દલિત સાહિત્યમાં મોહન પરમારએ ટૂંકી વાર્તામાં પોતાની કલમ ચલાવી છે. તેમના વાર્તા સંગ્રહમાં જોઈએ તો 'કોલાહલ', 'નકંલંક', 'કુંભી', 'પોઠ', 'અંચળો'.મોહ્ન પરમાર એ ક્લાધર્મી વાર્તાકાર છે. તેમની વાર્તામાંથી પસાર થતાં. એમનો સર્જક ઉદેશ્ય સૂચિત થાય છે કે દલિતો એ ગુલામીની સાથે મુક્તિ માટે પણ સહન કરવું પડશે. એમની મોટા ભાગની વાર્તાઓમાં પરિવર્તન અને ચેતનાની વાત ઉભરી આવે છે. જે દલિત સાહિત્ય નો મુખ્ય ઉદ્દેશ છે. મોહ્ન પરમારની વાર્તા સૃષ્ટિમાં થળી, કાયર, કુંભી, નકલંક, તેતર વગેરે જેવી વાર્તાનો સમાવેશ થાય છે. દરેક વાર્તાને પોતાની અલગ ઓળખ જોવા મળે છે.

'થળી 'વાર્તામાં માનસિંહ સાથેના અનૈતિક સંબંધોને કારણે બદનામ થયેલી હરિજન સમાજની રેવી અન્યાય સામે બંડ પોકારે છે. માનસિંહ એ પોતાના પતિનો મિત્ર છે. તેના કારણે રેવીને મળવાનું બને છે. ત્યારે માનસિંહની નજર બગડે છે. રેવીનો જેઠ ચમનને ચેતવે છે. રેવી પણ માનસિંહની બૂરી નજર પારખી જાય છે પણ ચેતી જવાને બદલે માનસિંહની જાળમાં લપેટાય છે. રેવીનો પતિ બહાર ગયો હોય ત્યારે માનસિંહ દારૂ પીધેલી હાલતમાં ઘરે આવે છે અને વાસના લોકોની સામે રેવીની ફજેતી કરે છે. જયારે રેવી અન્યાય(શોષણ) સામે અવાજ ઉઠાવે છે. ત્યારે માનસિંહને પણ રેવી સામે ઝૂકી જવું પડે છે. આ વાર્તામાં માનસિંહ દલિત પરણેતર રેવીનું જાતીય શોષણ કરે છે. ત્યારે રેવી કેવી ગંભીર પરિસ્થિતિમાં મુકાય જાય છે ને એ પરિસ્થિતિમાંથી રેવી કેવી રીતે મુક્તિ મેળવે છે એ સમયના રેવીના મનોબળને લેખકે કુશળતાથી નિરૂપણ કર્યું છે. અંતમાં તે

આધુનિક નારીનું સ્વરૂપ ધારણ કરે છે અને તે મુક્ત પંખીની જેમ કિલ્લોલ કરી ઉઠે છે. સંવાદો થી દલિત સમાજની વાસ્તવિક છબી ઝીલતી વાર્તાશૈલી આપણા ચિત્તમાં એક માંથી અનેક સંબંધોનો સેતુ રચી આપે છે.

'થળી' વાર્તામાં દલિત નારીની સંવેદનાનું અનોખી રીતે વર્ણન થયું છે. વાર્તામાં સવર્ણ માનસિંહ દલિત પરણેતર રેવીનું જાતીય શોષણ કરે છે ત્યારે રેવી કેવી ગંભીર પરિસ્થિતિમાં મુકાઈ જાય છે ને એ પરિસ્થિતિમાંથી રેવી કેવી રીતે મુક્તિ મેળવે છે. એ સમયના રેવીના મનોબળને લેખકે કુશળતાપૂર્વક નિરુપિત આપ્યા છે. વાર્તા નાયિકા રેવી ખૂબ જ રૂપાળી છે. રેવીનો પતિ ચમન ખેલ કરવા માટે બહાર ગામ જતો હોય છે ત્યારે માનસિંહ તેની એક્લતાનો લાભ ઉઠાવે છે. ત્યાં માનસિંહનો સ્વાર્થી, દંભી, નીરસ વ્યક્તિત્વ ઉપસી આવે છે.માનસિંહ રેવીને માંચડા પર લાવે છે ત્યારે એ જ ક્ષણે રેવી મનોમન નિર્ણય કરી લે છે કે,'મારા ભાના હાળા! તું ય જો હવે અ...તનઅ તાબોટા પાડતો ન કરી મેલું તો જો જે'. આ વાર્તામાં રેવીનો શોષણ સામે નો વિદ્રોહ દેખાય આવે છે. આ વિદ્રોહ સામે માનસિંહને નમતું મુકવું પડે છે.

'થળી' વાર્તામાં પરિવેશ, પરિસ્થિતિ, પાત્ર ને પ્રસંગોચિત્ત ઉત્તર ગુજરાતની તળબોલીનો સમર્થ વિનિયોગ થયો છે.બોલી અને માર્મિક સંવાદોથી દલિત સમાજની વાસ્તવિક છબી ઝીલતી વાર્તાશૈલી આપણા ચિત્તમાં એકમાંથી અનેક સંબધોનો સેતુ રચી આપે છે. વળી ત્રીજા પુરુષના કથનકેન્દ્રને કારણે પણ બધા જ પાત્રોની વિશેષતા- મર્યાદાઓ લેખક નિરૂપી શક્યા છે. તેમજ સર્જકે દલિતવાસ થી ઘર, ઘરની થળી અને ખેતર જેવા સ્થળોને પસંદ કર્યા છે. તે પણ સુચિતાર્થ છે. વિષયવસ્તુને અનુરૂપ પરિવેશ નિર્માણ કરવામાં સર્જકની પ્રતિભા પ્રતીત થાય છે. વર્ણનો પાત્રના મનોભાવ સાથે જોડતી ક્રિયાઓ - ઘટનાઓ જોડી આપે છે. જેમ કે, 'રેવીનું ખાંડણીયામાં ડાંગરનું ખાંડવું.' વાર્તાનું શીર્ષક 'થળી' પ્રતીકાત્મક છે.'થળી' એટલે 'ઉંબરો'. વાર્તાનાયિકા રેવી થળી જેવું અસ્તિત્વ ધરાવે છે. જેવી રીતે ઘરની થળી આગળ ઓસરી પથરાયેલી છે અને પાછળ ઘરનો ઓરડો છે. એવી જ રીતે રેવી થળીને અડીને ઊભી છે અને એક બાજુ નિર્દોષ પતિ ચમન છે અને બીજી બાજુ પુત્ર ધૂળો છે. પીટર અને પતિની જે કરુણદશા થઇ છે તેમાં જવાબદાર રેવી પોતે છે, એ બાબત રેવી સમજી શકે છે અને આથી તે દુર્ગારૂપ ધારણ કરીને આક્રોશાત્મક પણ બુદ્ધિપૂર્વક સવર્ણ માનસિંહના શોષણમાંથી મુક્ત થાય છે. પતિ, પુત્ર અને કુટુંબની આબરૂ બચાવે છે. ઘરના

બારણાના બારસાખનો બધો જ આધાર જેવી રીતે 'થળી' હોય છે તેમ આ વાર્તામાં પણ પતિ ચમન, પુત્ર ધૂળો અને કુટુંબ તથા વાસની આબરૂનો આધાર રેવી છે. રેવી થળીની જેમ મક્કમ બને છે અને પોતાની તો ખરી જ પણ સાથે - સાથે આખા કુટુંબ, સમાજની આબરૂ - ઈજ્જત બચાવે છે. 'થળી' વાર્તામાં 'થળી' મર્યાદાનું પ્રતિક છે એવું આપણે કહી શકીએ.'થળી' વાર્તામાં સવર્ણો સામેનો આક્રોશ મુખર બનીને ફાટી નીકળે છે, ત્યાં સાક્ષાત વાસ્તવ દ્વારા શોષણ અને અન્યાયના ચિત્રો મળે છે એ દલિત ચેતનાની એક રગ છે.

'કુંભી ' વાર્તામાં લેખક શકરીનાં મનોભાવને બતાવે છે. પંદર વરસનો સમય પસાર થયા છતાં નછોરવી રહેતા અંતે શકરી પોતાના પતિ કરસનને નવી વહુ લાવવાની છૂટ આપે છે. કરસન નવી વહુ લઈને આવે છે પણ શકરી જોડે વાત કરવાની તક મળતી નથી. ત્યારે શકરી રોષે ભરાય છે. જાણે કરસન તેનાથી દુર જતો હોય તેવો અનુભવ કરે છે. આ જોઇને શકરીના મનમાં ગૂંચવણ ઊભી થાય છે. તેના કારણે તેને ઊંઘ પણ નથી આવતી અને તે વિચારોમાં ચડી જાય છે. ત્યાં ફાનસ ઓલવાય છે અને મનની મનમાં રહી જતા શકરી નવી વહુ પર જાણે ખીજ ચડી હોય એમ બબડે છે. ત્યાં જ ઓટલી પરથી એનો પગ લસરે છે પણ એને કુંભીનો સહારો મળી જાય છે. અહીં લેખકે કુંભી નો જે પ્રતીકાત્મક વિનિયોગ કર્યો છે. તે કુંભી જે ઘરના છાપરાને ટેકો આપે છે તેમ ઘરની શોભામાં પણ વધારો કરે છે. આ ટેકો જ શકરીને બચાવે છે, ટકાવે છે. આ વાર્તામાં આલેખાયેલી ઘટના કંઈ નવીન નથી પણ આ ઘટના સંદર્ભે લેખકે શકરીના માનસિક સંવેદનો આલેખ્યા છે. લેખકે કરેલું શકરીની મનોદશાનું ઔચિત્યપૂર્ણ નિરૂપણ વાર્તાને વધુ સુંદર બનાવે છે.

'કુંભી' નવી વહુના આગમન સાથે જૂની વહુના ચિત્તમાં કઈ ઉથલ પાથલ ન થાય એવું બને ? પણ એ ભાવો કેવા હોય એનું લેખકે આલેખન કર્યું છે. વાર્તાને અંતે શકરીને પણ પોતાની પહેલી રાત સાંભરે છે, તેથી જ તે કરસન અને નવી વહુની પહેલી રાત જોવા લલચાય છે, પણ એની એ લાલસા પૂરી થતી નથી. ફાનસ ઓલવાઈ જતા નક્કર વાસ્તવિકતાનું અંધારું એને ઘેરી વળે છે. મનુષ્યને સ્થિર ઊભા રહેવા માટે પણ કોઈ આધારની જરૂર પડે છે એ જ રીતે આ વાર્તામાં કુંભ નું કામ ટેકો આપવાનો છે. વાર્તા માં સંવેદનાઓ ને સરળ શૈલીમાં રજુ કરી આપી છે.

મોહન પરમારની વાર્તાઓનાં પાત્રો દલિત, પીડિત અને દરિદ્ર હોવા છતાં લાચાર અને દીનહીન નથી. એમનામાં આત્મસમ્માનની ભાવના છે. 'થળી', 'નકલંક', 'આંધુ', 'પડળ' વાર્તાનાં

પાત્રો પોતાના જ સમાજની રૂઢ માનસિકતાને અતિક્રમી જવામાં સફળ થાય છે. દલિત સમાજની સ્વાનુભૂત વિષમતાઓનું વાસ્તવનિષ્ઠ અભિવ્યક્તિ દ્વારા વાર્તા નિરૂપણ કર્યું છે. દલિતોનાં દુ:ખ, સુખ, દંભ, અહંકાર, દારિદ્રય અને કટાક્ષની રંગમાં, એમની 'તેતર', 'વાડો', 'ચુવો', 'કુંભી', 'અશ્વપાલ,પિંગળા અને કાનાજી' જેવી વાર્તાની સંકુલ અને સ્પર્શક્ષમ અભિવ્યક્તિ ભાવકને સ્પર્શ્યા વિના રહી શકતી નથી. દલિત સંવેદન ઉપરાંત અન્ય સામાજિક તથા અસ્તિત્વગત સમસ્યાઓને નિરૂપતી 'વાયક', 'પોઠ' જેવી નોંધપાત્ર વાર્તાઓ એમની પાસેથી મળે છે.

પાત્રચેતનાનાં ભીતરી સૂક્ષ્મ સ્તરોને તેઓની સર્જકદ્રષ્ટિ ઝીણી નજરે નિહાળે છે. એ ઘટનાનું સાહજિક તિરોધાન એથી સિધ્ધ થાય છે અને એ પ્રયુક્તિ આરંભ થી જ સક્રિય થઈ જાય છે. જે 'હિરવણું', 'કુંભી', 'નકલંક', 'થળી' જેવી વાર્તાઓમાં જોઈ શકાય છે.

મોહન પરમારની વાર્તાકાર તરીકેની વિશેષતાઓ એવી છે કે એમની પાસે વાર્તા માટે આવશ્યક એવા અનુભવ પિંડની કચાશ નથી એમ અવશ્ય કહી શકાય. એમની વાર્તાઓમાં ઘટના ગૌણ અને ઘટના સંદર્ભે સર્જાતી પરિસ્થિતિ પ્રધાન સ્થાને હોવાનું જણાય છે. પરિસ્થિતિની વક્રતા સાથે પાત્રની પ્રવૃત્તિ, પરિવેશના સંદર્ભો અને પાત્રના મનોલોકમાં વિસ્ફોટના સંચલનોને આધારે જ વાર્તાનો ક્લાઘાટ નિર્માણ પામતો રહે છે.બધી વાર્તાઓમાં પાત્રો, પાત્રોની રહેણી-કહેણી, પાત્રોનાં જીવન ધોરણો, સામાજિક રીતરીવાજો, વ્યવસાયો, પ્રવૃત્તિઓ વગેરે ઉપર સમગ્રલક્ષી દ્રષ્ટિપાત કર્યો છે. લેખકની પાસે કચડાયેલા વર્ગમાં શોષિત, પીડિત પાત્રો, એની સમસ્યાઓ, પ્રવૃતિઓ અને વ્યવસાયોના અનુભવોનું ભાથું છે. પાત્રોની પ્રત્યેક પ્રવૃતિનું લેખક ખુબ જ ઝીણવટથી કાળજીભર્યું નિરૂપણ કરે છે. લેખકની આવી નિરૂપણકલા જ વાર્તાને સઘન અને જીવંત બનાવે છે. વાર્તાના પાત્રોની સાથે વાર્તાના શીર્ષક પણ પ્રતીકાત્મક રીતે રચાયેલા છે. દરેક વાર્તાનું શીર્ષક પ્રતીકાત્મક છે. કોઈક શીર્ષક પાત્રની મન:સ્થિતિ સાથે જોડાયેલું છે તો કોઈક શીર્ષક વાતાવરણ કે પરિસ્થિતિ સાથે સંકળાયેલું છે.

મોહન પરમારની વાર્તાકળાની લાક્ષણિકતાઓ જોઈએ તો, વાર્તા રચાનારીતિની દ્રષ્ટિએ ચુસ્ત બની રહે એ માટે તેઓ પ્રયત્નશીલ રહે છે,દા.ત :- 'નકલંક', 'થળી', 'તેતર'. તળપદી બોલીનો સાર્થક વિનિયોગ દલિત ચેતનાના પારદર્શી જીવંત રીતે અભિવ્યક્ત કરે છે. દા.ત :- 'નકલંક', 'થળી', 'વાડો'.તળપ્રદેશ ની આબોહવા, વાતાવરણ, પરિવેશ સજીવ ઊપસી આવે છે. દા.ત

:- 'લાગ', 'તેતર', 'વાયક'.વાર્તાના અંતમાં ચમત્કૃતિ લાવવાના આગ્રહી નથી પરંતુ સમગ્ર કૃતિમાંથી નિષ્પન્ન થતા અર્થ સંદર્ભ નું વિશેષ મહત્વ રાખે છે. દા.ત :- 'આંગણું', 'ચુવો', 'ખાંચો'. પાત્રોની ચૈતસિક સ્થિતિનું અનેકવિધ સ્તરે નિરૂપણ કરે છે. દા.ત :- 'થળી' ની નાયિકા રેવી.વાર્તાના લંબાણ કે લાઘવ, પરંપરા કે આધુનિકતાના કશા વળગણ કે આગ્રહો રાખ્યા વિના વાર્તાકળાની શરતે કૃતિ પ્રગટી આવે એ માટેની નિસ્બત ધરાવે છે. દા.ત :- 'વાયક', 'થળી'. પ્રતીકાત્મક રીતે વાર્તાને, એનાં પાત્રોને અને વાર્તાકથનને ઉપસાવવાનો પ્રયત્ન કરે છે.દા.ત :- 'વાડો', 'કુંભી'.

આધુનિક અને આધુનિકોતર સમયગાળામાં સાહિત્યનાં વિષયોનો વ્યાપ વધ્યો, અવનવા પ્રયોગો થયા, બોલી અને પ્રાદેશિક ભાષાઓ પ્રયોજવા લાગી. છેવાડાના માનવીની વ્યથા પીડાનું નિરૂપણ થવા લાગ્યું અને દલિત સાહિત્યકારો પાસે માનવીના હૃદયને સ્પર્શી શકે તેવી વેદના અને પીડા હતી. તેનો અનુભવ હતો. જેને આજ સુધી કોઈએ અભિવ્યક્ત કરી ન હતી એવી સંવેદના હતી. વળી તેને વ્યક્ત કરવા માટેની આગવી શૈલી હતી. આવા ગુણ લક્ષણોથી સર્જાતી ગુજરાતી દલિત વાર્તા વૈવિધ્યસભર બને છે.મોહન પરમારની વાર્તાઓમાં પીડિત અને શોષિતના ભાવોને સરળતાથી રજૂ થયા છે.

**સંદર્ભ સૂચિ**


1. સામ્પ્રત દલિત સાહિત્ય પ્રવાહ - પથિક પરમાર.
2. દલિત કથાવિમર્શ - ડૉ. કાન્તિ માલસતર.
3. દલિત સંપ્રત્યય - ડૉ. નરેશ વાઘેલા.



રીમા રાજેશભાઈ ભાવસાર

રીસર્ચ સ્કોલર, ગુજરાતી

ડો .બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.